# ચાર હજાર કરોડમાં બનેલી સ્ટ્રેન્જર થિંગ્સ-5 પૈસા વસૂલ કરવા તૈયાર?

જ્યારે OTT પર ફિલ્મો અને વેબસિરીઝ જોવાની વાત આવે છે, ત્યારે પહેલું નામ Netflix જ ઘણા લોકોના મોઢે આવતું હોય છે. અહીં રિલીઝ થતી દરેક સિરીઝ અને ફિલ્મને જબરદસ્ત પ્રતિસાદ મળે છે. જો તમે પણ ઘરે જોવા માટે કંઈક અદ્ભુત શોધી રહ્યા છો, તો તમને જણાવી દઈએ કે સૌથી મોંઘી સિરીઝની પાંચમી સીઝન આવવાની છે. અને આજે કેટલાયે લોકો નેટફ્લિક્સ પર પોતાના કલાકો વિતાવવાના છે કારણકે નેટફ્લિક્સની સુપરહિટ સાયન્સ ફિક્શન સિરીઝ, "સ્ટ્રેન્જર થિંગ્સ" આજે રિલીઝ થઈ છે.

2016 માં "સ્ટ્રેન્જર થિંગ્સ" આવી હતી, ત્યારબાદ 2017 માં તેની બીજી સીઝન આવી. ત્રીજી સીઝન 2019 માં આવી અને ચોથી સીઝન 2022 માં આવી હતી. ખાસ વાત એ છે કે આ સીરીઝની દરેક સીઝનને દર્શકોએ ખૂબ જ પસંદ કરી છે. હવે, તેની પાંચમી સીઝન, "સ્ટ્રેન્જર થિંગ્સ 5" આવી છે, છેલ્લા ત્રણ વર્ષથી તે બની રહી છે. નિર્માતાઓનું કહેવું છે કે આ સીઝન અત્યાર સુધીની સૌથી મોટી અને ઈમોશનલ સીઝન હશે. આ શોમાં 80 ના સમયનું મજેદાર વાતાવરણ, અદભુત વિઝ્યુઅલ ઈફેક્ટ્સ અને હોલીવુડ-લેવલના સેટ્સ દર્શાવવામાં આવશે.

ડફર બ્રધર્સ દ્વારા બનાવવામાં આવેલી સ્ટ્રેન્જર થિંગ્સ એ નેટફ્લિક્સ ઓરિજિનલ સિરીઝ છે જે સાયન્સ, લિટરેચર, ભયાનકતા, રહસ્ય અને 1980ની નોસ્ટાલ્જીયાને કનેક્ટ કરે છે. ઈન્ડિયાનાના હોકિન્સના કાલ્પનિક શહેરમાં સેટ




હોટ ટોપિક

કરેલી આ વાર્તા 1983 માં વિલ બાયર્સના ગુમ થવાથી શરૂ થાય છે, જે તેના ફ્રેન્ડ્સ અને ફેમેલીને સિક્રેટ સરકારી પ્રયોગો, અપસાઈડ ડાઉન નામના પેરેલલ યુનવર્સ અને ઈલેવન નામની સાયકોકાઈનેટિક શક્તિઓ ધરાવતી છોકરીને આસપાસ ફરે છે. આ સિરીઝમાં પેરાનોર્મલ રિસ્ક, જેમાં ભયંકર એન્ટિટી વેક્નાનો આવે છે. તેની આ લોકપ્રિયતા તેના 1980 ના દશકના નોસ્ટાલ્જીક રેફ્રન્સ, સ્ટોરીટેલિંગ, વિનોના રાયડર, ડેવિડ હાર્બર અને મિલી બોબી બ્રાઉન જેવા એક્ટર્સની એક્ટિંગ અને તેના કલચરલ પ્રભાવ, મેટાલિકાના "માસ્ટર ઓફ પપેટ્સ" અને કેટ બુશના "રનિંગ અપ ધેટ હિલ" જેવા ગીતોને રિક્રિએશને આ લોકપ્રિયતા એવી છે.

OTT ની દુનિયામાં, આ સિરીઝે તેની સ્ટોરી સાથે તેના બજેટથી પણ બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે. અત્યાર સુધીમાં કુલ 42 એપિસોડ બનાવવામાં આવ્યા છે, જેમાં દરેક એપિસોડ પર આશરે 500 કરોડ ખર્ચ કરવામાં આવ્યા છે. તેના અદભુત દ્રશ્યો, સ્ટ્રોંગ સ્ટોરી અને ઉત્તમ અભિનયએ તેને એક નવા સ્તરે પહોંચાડી છે. જે આ સિરીઝને ખરેખર OTT ની સૌથી મોંઘી અને શાનદાર શ્રેણીઓમાંની એક માનવામાં મજબૂર કરે છે.

ખરેખર, આપણે જેની વિશે વાત કરી રહ્યા છીએ તે નેટફ્લિક્સની સુપરહિટ સાયન્સ ફિક્શન શ્રેણી, "સ્ટ્રેન્જર થિંગ્સ"ની પાંચમી સીઝનનું બજેટ પણ ઘણું મોટું છે. અહેવાલો અનુસાર, સીઝનની પાંચમી સીઝનના દરેક એપિસોડનું નિર્માણ આશરે 450 થી 500 કરોડમાં કરવામાં આવ્યું છે. લોકોનો ક્રેઝ જોતા ટોટલ ચાર હજાર કરોડ જેટલી કિંમતમાં બનેલી આ મોંઘીદાટ સિરીઝને પૈસા વસૂલ બનાવવાની ફેન્સની તૈયારી છે.

પાંચમી સીઝનની વાત કરીએ તો, દરેક એપિસોડ 90 થી 120 મિનિટ લાંબો છે. આખી સીઝનમાં ફક્ત આઠ એપિસોડ હશે. પહેલા એપિસોડનું ટાઈટલ "ધ ક્રોલ" છે, ત્યારબાદ "ધ વેનિશિંગ ઓફ...", "ધ ટર્નબો ટ્રેપ", "સોર્સરર", "શોક જોક્સ", "એસ્કેપ ફ્રોમ કેમેઝટોસ", "ધ બ્રિજ" અને "ધ રાઈટસાઈડ અપ" છે. આ 8 એપિસોડનો રનટાઈમ 11 કલાકથી વધુ થશે. અને આ સિરીઝની રિલીઝને ત્રણ ભાગમાં વહેંચવામાં આવી છે. પહેલા ચાર એપિસોડ 26 નવેમ્બરે રિલીઝ થશે. ત્યારબાદ ત્રણ એપિસોડ 25 ડિસેમ્બરથી સ્ટ્રીમ થશે. લાસ્ટ ભાગ 31 ડિસેમ્બરથી નેટફ્લિક્સ પર સ્ટ્રીમ થશે. એટલે ચાહકો નવેમ્બરથી ડિસેમ્બર સુધી ભારે ડોઝ મેળવશે. ●

## રીયલ સિરીયલ

### પ્રણિત મોરેને શો છોડવો કેમ પડ્યો?



સ્ટેન્ડઅપ કોમેડિયન પ્રણિત મોરે બે મહિનાથી વધુ સમયથી બીગ બોસ હાઉસમાં જોવા મળે છે. સલમાન વીકેન્ડ પર બધાની ક્લાસ લેવા આવે અને સન્ડે હોય એટલે કોઈ એક અથવા બે સદસ્યોને ઘરનો મુખ્ય દ્વારનો રસ્તો પણ દેખાતો જાય. મહત્ત્વપૂર્ણ ઘટના જોવા મળ્યો કારણ કે પ્રણિત મોરે અચાનક ઘરમાંથી બહાર નીકળી ગયો, જેના કારણે દર્શકો અને ઘરના સાથીઓમાં આશ્ચર્ય અને ચિંતા ફેલાઈ ગઈ. આ ઘટના એટલા માટે ચર્ચાનો વિષય બની ગયો કે શું આટલા શોમાં ડેંગ્યૂના મચ્છર આવ્યા કઈ રીતે? શું શોમાં સાફ-સફાઈ લોકો ધ્યાન નહીં આપતા હોય? શું શોના બીજા પણ સદસ્યો બીમારીના શિકાર બનશે? પ્રણિત મોરેની શોમાંથી અચાનક બહાર નીકળવું તેનાથી તબિયતને લઈને ઘણી અટકળો ફેલાવા લાગી છે. મેડિકલ ઈશુને કારણે પ્રણિત ઘરમાંથી બહાર કરી દેવામાં આવ્યો છે. એક ન્યૂઝ અનુસાર પ્રણિત ડેંગ્યૂ પોઝિટિવ છે. બીગબોસના ઘરમાં તે છેલ્લા 70 દિવસોથી છે. એટલે વિટામિન D પૂરતો ન મળવાથી અને ડેંગ્યૂ કરનારા મચ્છરોએ પ્રણિતને આ પરિસ્થિતિએ લાવીને ઊભો રાખી દીધો છે. હવે જોવાનું કે ફરી તે શો જોઈન કરશે? તેની તબિયત શો ખતમ થયા પહેલા સારી થશે? ●

### ભારતી સિંહ ફરી કહેશે : 10 ,9 ,8 ...



ચિંતા અને ભાગા દોડીવાળા જીવનમાં લોકો ટીવી શોમાં હાલ કોમેડી સૌથી વધુ જોવાનું પસંદ કરે છે. આપણે ત્યાં લગભગ બધી જ ભાષાના ટીવી શો લોકો જોવે છે. એમાં પણ ખાસ તો હિન્દી કોમેડી શો તો ભારતમાં જ નહીં, બીજા દેશોમાં પણ તેની લોકપ્રિયતા છે. 22 નવેમ્બરથી ભારતી ફરી એક વાર 10,9,8 કહેતી જોવા મળવાની છે! હા ફરી લોકોને હસાવવા લાફ્ટર શેફ્સ આવી રહ્યું છે. હરપાલ પણ નવી-નવી અને અતરંગી વાનગી સાથે તૈયાર છે. લાફ્ટર શેફ્સની આ સિઝન તેની પાછલી સિઝન કરતા લાંબી હશે. ભારતી અને તેના પતિ હર્ષે આ વખતે શો લાંબો ચાલે તે માટે ખાસ ધ્યાન રાખ્યું છે.

લાફ્ટર શેફ્સના કન્ટેસ્ટન પાછલી બધી સિઝનના ભેગા જોવા મળશે. જેમ કે સિઝન 1 અને 2ના તો છે જ સાથે સાથે બીજા નવા સેલિબ્રિટી પણ જોવા મળશે. હરપાલ અને કશ્મિરાની એન્ટ્રી લોકોને ચોંકાવી દેશે.

આ સિઝનમાં હરપાલ અને કશ્મિરાના લવ એંગલ વધુ જોવા મળશે. આ સિઝનમાં જોડી નહીં પણ ટીમ શોની થીમ છે. શોમાં જોડીઓની ટીમ બનાવીને વાનગી સાથે સાથે હાસ્યને પિરસવામાં આવશે. 'પતિ-પત્ની ઔર પંગા' શોના ટીવી સ્ટાર લાફ્ટર શેફ્સમાં જોવા મળશે. ●

## પોલીસ અને સિરિયલ કિલર વચ્ચેની રેસ - ભાગવત ચેપ્ટર 1 : રાક્ષસ

હમણાં OTT પર આવેલી ફિલ્મ ભાગવત ચેપ્ટર-1 રાક્ષસનું સૌથી રોમાંચક એલિમેન્ટ એ છે કે આ સ્ટોરીના ફેક્ટ્સ અને રીયલ ઈવેન્ટો પર આધારિત છે! જેમ જેમ તમે તેને જાણો છો, તમે તેને અન્ય કોઈપણ રેગ્યુલર, નાના શહેરની ક્રાઈમ થ્રિલરની વરિષ્ઠ પોલીસ ઓફિસર છે, જે ગુમ થયેલી છોકરી મીરાને શોધવાનો પ્રયાસ કરે છે. તે એક મુસ્લિમ છોકરા સાથે ભાગી ગઈ હોવાની ધારણા છે, જેના કારણે આખા શહેરને તેમના ધર્મના આધારે વિભાજીત કરવામાં આવ્યું છે અને રાજકારણીઓ આ મૂંઝવણનો સારો ઉપયોગ કરી રહ્યા છે! જીતેન્દ્ર કુમારને વિલન તરીકે કાસ્ટ કરવો જેમ સીરીયલ કિલર અને તેના પરિવારને તેમના માટે કોઈ લાગણી નહોતી!

જિતેન્દ્ર કુમાર એક ઠંડા કલેજે, શિકારી તરીકેની પોતાની જૂની ઈમેજને તોડી નાખે છે. તે એક સંસ્કૃતિ વિરોધી છે અને સાઈકો અને શાંત થવા વચ્ચે સ્વિચ કરવાની તેની ક્ષમતા દર્શકોને જોતી વખતે ખૂબ જ અસ્વસ્થ કરે છે. અરશદ વારસી એક



રિવ્યૂ

જેમ જોઈ શકતા નથી, જેમાં અરશદ વારસીના પોલીસ ઓફિસર અને જીતેન્દ્ર કુમારનો વિલન તરીકે સામે ઊભો છે. આ ફિલ્મ ઉત્તર ભારતમાં 19 યુવતીઓના ગુમ થવા તરફ દોરી જતી સાચી ઘટનાઓ પર આધારિત છે.

વાર્તા પ્રથમ 10 મિનિટમાં જ તેનો સૂર સેટ કરે છે. એમ તો ટીઝર અને ટ્રેલરમાં જ ફિલ્મનો પાયો સેટ થઈ ગયો છે. જિતેન્દ્ર કુમાર એક મનોરોગીનો રોલ અદા કરે છે જે ઘણી બધી યુવતીઓના ગુમ થવા માટે જવાબદાર છે. અરશદ વારસી, એક એવો માણસ છે જે સ્ક્રીનનો રાજા છે. તેનો પોલીસ તરીકે અભિનય શાનદાર છે - અમુક સીનમાં, તે શાંત છતાં ગુસ્સામાં છે, તેણે પકડેલા સાઈકોને સમજવાનો પ્રયાસ કરે છે. જોકે, નબળું લેખન તેના પાત્રને આ ફિલ્મની વાર્તા પર રાજ કરવા દેતું નથી!

એ ફિલ્મનો સૌથી મોટો ફાયદો છે. જોકે, તેને સાઈકો તરીકે જોવું તમને ચોક્કસપણે વિક્રાંત મેસીની સેક્ટર-36 તરફ દોરી જશે, તેણે સેક્ટર 36 માં આવોજ સાઈકો રોલ ભજવ્યો છે.

બંનેનો યુવાન છોકરીઓને મારવાનો હેતુ સમાન છે. દિગ્દર્શક અક્ષય શેરે સફળતાપૂર્વક એક તંગ, પ્રમાણિક વાતાવરણ સ્થાપિત કરે છે; જોકે, જ્યારે એવી વાર્તા બનાવવાની વાત આવે છે જે થોડી કરુણતા પેદા કરી શકે છે, ત્યારે ફિલ્મ તે ક્ષણ પહેલા જ સ્લો પડે છે! તમને પીડિતો માટે કોઈ લાગણી નથી!

**એક્ટર:** અરશદ વારસી, જિતેન્દ્ર કુમાર, આયેશા કડુસ્કર, તારા-અલીશા બેરી
**ડાયરેક્ટર:** અક્ષય શેરે
**સ્ટ્રીમિંગ :** Zee 5 હિન્દી થ્રિલર
**રેટિંગ :** IMDb: 7/10



## લોકો જેની ખૂબ વાત કરતા તે 'લોકા-1' OTT પર જોઈ લેજો

એક રહસ્યમય છોકરી છે ચંદ્રા જે સ્વીડન બેંગ્લોરમાં સ્થાયી થઈ છે. સની તેના બે દોસ્ત, નિગિલ અને વેણુ સાથે તેના ફ્લેટની સામે રહે છે. સનીને ચંદ્રા માટે પ્રેમ છે અને તેની સાથે મિત્રતા વધારવાનો પ્રયાસ કરે છે. આ દરમિયાન, ચંદ્રા પોતાની ઓળખ છુપાવવા માટે એક કેફેમાં કામ કરવાનું શરૂ કરે છે. અહીં તેની સાથે કામ કરતી એક છોકરીને મુરુગેસન નામનો ગેંગસ્ટર હેરાન કરે છે, જેને ચંદ્રા માર મારે છે. મુરુગેસન શહેરમાં અંગોની તસ્કરીનું રેકેટ પણ ચલાવે છે. આમાં તેને ઈન્સ્પેક્ટર નચિયપ્પા ગૌડા મદદ કરે છે. સાથે મળીને તેઓ ચંદ્રાનો પીછો કરે છે. એક રાત્રે, મુરુગેસન ચંદ્રાને કિડનેપ કરે છે અને તેને એકાંત સ્થળે લઈ જાય છે. હવે, ચંદ્રા મુરુગેસન અને નચિયપ્પાથી કેવી રીતે છટકી જશે? આ ચંદ્રા કોણ છે? તેનો ભૂતકાળ શું છે? આ બધા જવાબો તમને આ ફિલ્મ લોકા ચેપ્ટર-1 જોઈને મળશે. આ લિમીટેડ બજેટમાં બનેલી ફિલ્મની લોકપ્રિયતા એટલી હતી કે નિર્માતાઓએ તમિલ, તેલુગુ અને પછી, હિન્દીમાં રિલીઝ કરવી પડી. જે હવે OTT પર રિલીઝ થવા જઈ રહી છે.

વન્ડર વોચ

કલ્યાણી પ્રિયદર્શન આ ફિલ્મમાં, જેટલી મીઠી અને નિર્દોષ લાગે છે તેટલી જ તે ખતરનાક પણ છે. તેના બાળપણની ભૂમિકા ભજવતો કલાકાર પણ ઉત્તમ છે. ફિલ્મમાં વિલન સેન્ડી છે. તે એ જ સાયકો છે જેણે ફિલ્મ "લિયો" માં વિજયના કેફે પર હુમલો કર્યો હતો. અહીં પણ લોકોને ડરાવે છે. ફિલ્મનો હિરો નાસલેન અને તેના બે દોસ્તો જોવા ગમે છે. ત્રણેય ફિલ્મમાં મજા લાવે છે. ટોવિનો થોમસ તેના કેમિયોમાં યોગ્ય છે. મલયાલમ સિનેમાનો ક્રેઝ વધારશે આ અનોખી અને અલગ વાર્તા. "લોકા ચેપ્ટર 1" ની ખાસિયત તેની સિનેમેટોગ્રાફી અને કેમેરાવર્ક પણ છે. એક્શન સીન્સ શાનદાર છે. ●

## બીગબોસ હાઉસના સદસ્યો કરી રહ્યા છે અન્યાયનો સામનો?

બીગબોસ હાઉસમાં જે રીતે અન્યાય થઇ રહ્યો છે તેવો બીજે કશે ન થઇ શકે! સિઝનની શરૂઆતથી આ અન્યાયનો સિલસિલો જોઇ શકાય એમ છે. અભિષેક એક ટાસ્કમાં જ્યારે દરવાજો બંધ કરી દીધો જે નિયમ વિરુદ્ધ તો નહીં પણ ટાસ્ક પ્રમાણે બરાબર ન હતું. ત્યારે બીગબોસે નગમા અને આવેઝને નોમિનેટ કર્યા. બીગબોસ દ્વારા જે નિર્ણય લેવાયો તે ગલત હતો. આવેઝની જગ્યાએ અભિષેકને નોમિનેટ કરવા પડે. આ અન્યાયને લીધે આવેઝ બીગબોસ હાઉસમાંથી બહાર નીકળી ગયો. કેપ્ટનસી માટેનો બીજો એક ટાસ્ક જેમાં ગૌરવ-માલતી અને તાન્યા-મ્રિદુલ હતા. તેમાં ગૌરવ સાથે અન્યાય થયો. કેમેરામાં સાફ સાફ દેખાય છે કે તાન્યાની બાલ્ટીનો બોલ નીચે પડી ગયો. ગૌરવે ટાસ્ક જીત્યો હતો, છતાં અશનૂરે તાન્યાને વિનર બનાવી દીધી હતી. જોકે ગૌરવ આખી ગેમ સમજી ગયો છે કે બીગબોસની જે આંખ છે તે સાચું જોઇ જ નથી શકતી. ત્રીજી એક ઘટના જેમાં બીગબોસ હાઉસનો મુખ્ય નિયમોમાંનો નિયમ તોડવામાં આવ્યો છતાં કોઇ એક્શન જ ન લેવાયું. બીગબોસ હાઉસમાં કોઇ પણ માઈક્રોફોન વગર વાતચિત ના કરી શકે! છતાં અશનૂર-અભિષેકે પાણીના પૂલમાં જઇ વાત કરી. અને બીગબોસની વારંવાર સૂચનાઓ છતા બંનેએ નિયમ તોડીને વાત કરી, એટલું પુરતું ન હોય તેમ બંનેએ જોર જોરથી



સ્મોલ સ્ક્રીન

હસીને કહેવા પણ લાગ્યા કે વાત થઇ ગઇ વાત થઇ ગઇ! બંને નોમિનેટ થવા જોઈતા હતા ત્યાં બીગબોસે કેપ્ટન મ્રિદુલને પૂછ્યું કે શું અભિષેક-અશનૂરને નોમિનેટ કરવા છે? અને પછી એ બંને સિવાયના ઘરના તમામ સદસ્યો નોમિનેટ થઇ ગયા. એ વાત હતી અભિષેકની એક્સ વાઈફ વિશે. સલમાન ઘણા સમયથી અભિષેકને કહી રહ્યો છે કે XYZ, XZY મતલબ સાફ સાફ સમજાય તેવો છે. અભિષેકના અશનૂર સાથેના લવ એંગલને દર્શકો ભલે પસંદ કરતા હોય પણ જ્યારે વાઈફની વાત આવે ત્યારે ભલ ભલા તુરરમ ખાં પણ ભીગી બિલ્લી બની જતા હોય છે.

એક ઘટના જે સલમાન સાથે વાત કરતી વીકેન્ડ કા વાર વખતે જોવા મળી તેમાં સલમાન અને તાન્યા વચ્ચે વાતો ચાલતી હતી. સલમાન તાન્યા દ્વારા જે અશનૂરને વિશે વિવાદાસ્પદ ટિપ્પણી આપી તે સમજાવતો હતો. ત્યારે તાન્યાએ દોષનો ટોપલો કુનિકાના માથે ઢોળી દીધો અને જ્યારે કુનિકાએ સ્પષ્ટતા માગી તો કોઈ જવાબ જ ન મળ્યો.

એટલે શોની થીમ 'ઘરવાલો કી સરકાર' છે તેથી શું બીગબોસની કોઈ જવાબદારી જ નથી? શું જો બધા જ નિર્ણયો ઘરવાળાને લેવાના હોય તો કેમ નવી વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરવામાં આવે છે. કેમ વોટિંગને આધારે સદસ્યો ઘરની બહાર જતા નથી? કેમ બીગબોસને 3-3 વાર સૂચના આપવા છતા પણ અભિષેક અને અશનૂર ઘરમાં છે? ●